જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૭/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૧૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૧૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩ બિયર ટીન, ૨ રિક્ષા અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૮,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૨૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૨૧/૨૦૨૫**

દરિયાપુરઃ સતિષભાઈ મહેન્દ્રભાઈ સંઘવી (ઉ.વ.૫૯) (રહે. કેદાર ટાવર રાજસ્થાન હોસ્પીટલ સામે શાહીબાગ) એ દરિયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સતિષભાઈ સંઘવી દિલ્હી દરવાજા રોડ દરિયાપુર ખાતે પાશ્વ જવેલર્સ નામની દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૦૫/૦૭/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સતિષભાઈ સંઘવીની દુકાન ખાતે ગ્રાહક તરીકે આવેલ પુરૂષે દુકાનમાંથી દોઢ તોલા સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૫૩,૧૧૦/– ખરીદી કરી ઓનલાઇન નાણાં ચુકવવાનો ડોળ કરી નાણાં નહી ચુકવી છેતરપીંડી કરી સોનાની ચેઈન લઈ જતો રહ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.ચૌધરી ચલાવે છે.

વટવાઃ સોનુસિંહ સ/ઓ રાજપાલસિંહ સેંગર (ઉ.વ.૩૫) (રહે. સુર્યમ અનંતા ફ્લેટ માધવફાર્મ રોડ વસ્ત્રાલ) એ તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વટવા સ્મૃતિમંદિર રોડ કૃષ્ણકુંજ સોસાયટીના ગેટ પાસે આવેલ શ્રી બાલાજી જવેલર્સ નામની દુકાન ખાતે સોનુસિંહ સેંગરએ આરોપી શ્યામજીભાઇ વર્મા તથા ભુપેન્દ્રભાઇ સોની નાઓને સોના–ચાંદીના દાગીના બનાવવાનો ઓર્ડર આપતા તે ઓર્ડર મુજબ સમયસર દાગીના બનાવી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી સોનુસિંહ સેંગર પાસેથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૮૨,૩૧,૫૯૫/– મેળવી લઇ દાગીના નહી બનાવી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.તેમજ આપેલ રૂપિયા પરત માંગણી કરતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ઝાલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી